# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### કરમસદ - આણંદ મહાનગરપાલિકામા મોડે મોડે ઉમેદવારોની યાદી જાહેર

# કરમસદ-આણંદ મહાનગરપાલિકામાં 15 નામ રિપિટ, બાકીને 'લોટરી' લાગી

**ધારાસભ્યના માનિતા અને સંગઠનમાં સક્રિયને તક મળી**

(પ્રતિનિધિ) આણંદ તા.10

કરમસદ - આણંદ મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં ભારે ભાંગજડ બાદ શુક્રવારની મોડી સાંજે ઉમેદવારોના નામની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ યાદી પ્રસિદ્ધ થતાં સોપો પડી ગયો હતો. આણંદ, વિદ્યાનગર અને કરમસદ પાલિકાના કાઉન્સિલરમાંથી માત્ર 15 જ રિપિટ થયા છે. જ્યારે બાકીના નવા ચહેરા છે. આ તમામ ક્યાંકને ક્યાંક સંગઠનમાં સક્રિય છે. પરંતુ મોટા ભાગના ધારાસભ્યના માનિતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

કરમસદ - આણંદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભાજપે અંતિમ ઘડીએ 52 નામો જાહેર કર્યાં હતાં. આ નામોમાં પ્રથમ ચાર વોર્ડમાં મુસ્લિમ ઉમેદવારોને પણ તક આપવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાનગર પાલિકાના બે સભ્ય રિપિટ કરવામાં આવ્યાં છે. સૌથી મહત્વની બાબત છે કે, પરિવારમાં ત્રણ ટર્મ રહી ચુકેલાને રિપિટ કર્યા નહતાં.

સમગ્ર રાજ્યમાં મોટા ભાગની સ્થાનિક સંસ્થાઓના ઉમેદવારો ભાજપ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. પરંતુ આણંદ જીલ્લાની 16 પૈકી એકપણ સ્થાનિક સંસ્થાના ઉમેદવારોની યાદી ભાજપે મોડે સુધી સત્તાવાર રીતે જાહેર કરી નહતી. જેના કારણે અનેક અટકળો શરૂ થઈ ગઈ છે. જોકે, મોડી સાંજે કરમસદ - આણંદ મનપાના નામો જાહેર કરવામાં આવ્યાં છે. બીજી તરફ જીલ્લાની પાલિકાઓના દરેક વોર્ડમાં ઉમેદવારી કરવા ભાજપના દાવેદારોની હોડ જામી હતી. જેને કારણે કેટલીક પાલિકામાં અંતિમ સમય સુધી ખેંચતાણ થઈ રહી છે, જેને લીધે ભાજપ છાવણીમાં ઉમેદવારો જાહેર કરવા સંદર્ભે સસ્પેન્સ ચાલી રહ્યું છે.

પાલિકા વિસ્તારમાં અનામત અને સામાન્ય બેઠકો ઉપરાંત જ્ઞાતિ સમીકરણો પણ ભાજપ માટે માથાના દુઃખાવા સમાન બની રહ્યો છે.

ગત પાંચ વર્ષ દરમ્યાન જીલ્લાની બોરસદ અને સોજીત્રા પાલિકામાં ભાજપની સ્પષ્ટ બહુમતી હોવા છતાં અસંતોષનો ચરૂ એવો ઉકળ્યો કે બંન્ને પાલિકા સુપરસીડ થઈ ગઈ હતી. જેને કારણે આ બંન્ને પાલિકાઓમાં ભાજપ સામે જથ્થાબંધ અપક્ષ ઉમેદવારો ચુંટણી જંગમાં ઉતરી પડવાની શક્યતા જોવાઈ રહી છે.

તેવી જ રીતે ખંભાત અને પેટલાદ પાલિકામાં છેલ્લા અઢી વર્ષ દરમ્યાન પૂર્વ પ્રમુખો અને ચીફ ઓફિસરોની ભ્રષ્ટાચાર આચરવામાં મિલીભગત હોવાના અસંખ્ય આક્ષેપો થયા હોવાનું જગજાહેર છે. જેને લીધે આ બંન્ને પાલિકાઓમાં ભાજપના ઉમેદવારો માટે જીતવા કપરા ચઢાણ છે. આ બંન્ને પાલિકાઓમાં કોંગ્રેસ કે આપને હજી ઉમેદવારોના ઠેકાણાં નથી, પરંતુ ભાજપ સામે અપક્ષ ઉમેદવારો પેનલ સાથે ઉતરવા બાંયો ચડાવી રહ્યા છે.

આણંદ ગ્રામ્યની સરખામણીમાં શહેર વિસ્તારોમાં ભાજપ સામે અનેક પડકારો જોવાઈ રહ્યાં છે. જેને કારણે ભાજપમાં દાવેદારોની ખૂબ લાંબી કતાર છે.

### નડિયાદ મનપાની યાદીમાં સગાવાદ અને નવાનો દબદબો

# નડિયાદ મનપામાં ભાજપે 23 દિગ્ગજોના પત્તા કાપ્યાં

**ધારાસભ્યના ભાઈ સહિત નેતાઓના સગા-સંબંધીઓને ટિકિટ મળતા કાર્યકરોમાં કચવાટ**

(પ્રતિનિધિ) નડિયાદ તા.10

નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ યોજાઈ રહેલી પ્રથમ ચૂંટણી માટે ભાજપે મોડી રાત્રે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આ યાદીમાં પક્ષે જ્ઞાતિગત સમીકરણો અને પક્ષ પ્રત્યેની વફાદારીને પ્રાધાન્ય આપ્યું છે, પરંતુ સાથે જ 23 જેટલા જૂના જોગીઓની ટિકિટ કાપીને નવા સમીકરણો સાધવા પ્રયાસ કર્યો છે. રાજકીય વિશ્લેષકોના મતે, વર્ષોથી શાસનમાં રહેલા સભ્યો સામેની એન્ટી ઈન્કમ્બન્સી (જનવિરોધ) ખાળવા માટે આટલા મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા છે. જોકે, અનેક વોર્ડમાં દિગ્ગજોને સાઈડલાઈન કરી નેતાઓના સગા-સંબંધીઓને મેદાનમાં ઉતારવામાં આવતા સ્થાનિક કાર્યકરોમાં આંતરિક કચવાટ જોવા મળી રહ્યો છે.

નડિયાદ મહાનગરપાલિકામાં ભાજપે આ વખતે વોર્ડ નં. 11માંથી દિગ્ગજ નેતા સંજયભાઈ પટેલ અને વિજયકુમાર પટેલ (બબલદાસ) જેવા નામોની બાદબાકી કરીને આશ્ચર્ય સર્જ્યું છે. આ ઉપરાંત, મનપામાં ભળેલા 10 ગામો પૈકી મોટાભાગના સરપંચોને પણ ભાજપે ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે, જેમાં સુનિલકુમાર સોનારા અને મનીષભાઈ પટેલ જેવા નામો સામેલ છે.

**ટિકિટ ફાળવણીમાં સગાવાદનો સીધો પ્રભાવ**

- **હેમિલભાઈ પટેલ** : ધારાસભ્ય પંકજભાઈ દેસાઈના ભાઈ (વોર્ડ 12)
- **પરાગ બારોટ** : પૂર્વ સભ્ય જયનિકાબેન બારોટના પતિ (વોર્ડ 5)
- **ભૂમિબેન બ્રહ્મભટ્ટ** : નેતા પરીન બ્રહ્મભટ્ટના ભાભી (વોર્ડ 8)
- **મયુરભાઈ પટેલ** : પારુલબેન પટેલના પતિ (વોર્ડ 9)
- **શેખર ભીલ** : નર્મદાબેન ભીલના દીકરા (વોર્ડ 4)
- **સોનલબેન તળપદા** : શહેર સંગઠન ઉપપ્રમુખ મનીષાબેનના ભત્રીજાના પત્ની (વોર્ડ 13)
- **હર્ષદ ગોહીલ** : અગ્રણી કોન્ટ્રાક્ટર સંજય ગોહીલના ભાઈ (વોર્ડ 2)

### રોંગ સાઈડમાં આવતી કારે રિક્ષાને ફંગોળી

# આંકલાવ પાસે રિક્ષા-કાર અથડાતાં યુવાનનું મોત

**દર્શન કરીને પરત ફરી રહેલા પરિવારને અકસ્માત નડ્યો**

(પ્રતિનિધિ) આંકલાવ તા.10

આંકલાવના ઉમેટા રોડ પર હઠીપુરા હનુમાનજી મંદિર પાસે ગત રાત્રિએ આશરે 10-30 વાગ્યાની આસપાસ એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં યુવકનું મોત નીપજ્યું છે.

આ ઘટનાની વિગતો મુજબ, બોરસદનો કુચબંધીયા પરિવાર મહારાષ્ટ્રના ખેતીયા ગામે દર્શન કરીને રિક્ષા દ્વારા પરત ઘરે જઈ રહ્યો હતો. આ દરમિયાન હઠીપુરા પાસે સામેથી પૂરઝડપે અને રોંગ સાઈડમાં આવતી એક કાર (નંબર જીજે-06-પીએ-2906) એ રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે રિક્ષા પલટી મારી ગઈ હતી અને પાછળ બેઠેલો રાહુલ આનંદભાઈ કુચબંધીયા રોડ પર પટકાયો હતો. ગંભીર રીતે ઘાયલ રાહુલને તાત્કાલિક વડોદરાની ગોત્રી હોસ્પિટલ અને ત્યારબાદ એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે કરમસદ હોસ્પિટલ લઈ જવામાં આવતા, તબીબોએ રાહુલને મૃત જાહેર કર્યો હતો. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર અન્ય મુસાફરો રવિભાઈ અને તેમની પિતરાઈ બહેન સંજનાને પણ સામાન્ય ઈજાઓ પહોંચી છે.

આ ઘટના અંગે મૃતકના ભાઈ રવિભાઈએ અકસ્માત સર્જનાર કાર ચાલક વિરુદ્ધ આંકલાવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

# કપડવંજ પાલિકામાં ભાજપની યાદી જાહેર થતા જ બળવાના એંધાણ!

**જ્ઞાતિવાદી સમીકરણોને લઈ કાર્યકરોમાં ભારે રોષ**

(પ્રતિનિધિ) કપડવંજ તા.10

કપડવંજ નગરપાલિકાની આગામી ચૂંટણીઓ માટે ભાજપ દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવતાની સાથે જ સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ભાજપ મોવડી મંડળ દ્વારા સાત વૉર્ડની કુલ 24 બેઠકો પૈકી 23 બેઠકો માટેના નામ જાહેર કરવામાં આવ્યા છે, જેમાં એક સંપૂર્ણ મુસ્લિમ વૉર્ડને બાકાત રાખવામાં આવ્યો છે. જોકે, આ યાદી જાહેર થતાની સાથે જ પક્ષમાં જ્ઞાતિવાદી સમીકરણો અને આંતરિક ખેંચતાણ સપાટી પર આવી ગઈ છે.



કપડવંજમાં ભાજપ દ્વારા જાહેર કરાયેલા ઉમેદવારોમાં આઠ પટેલ, ત્રણ લઘુમતી અને માત્ર એક બ્રાહ્મણ ઉમેદવારને સ્થાન આપવામાં આવ્યું છે. આ યાદીમાં વણિક સમાજની સંપૂર્ણ અવગણના કરવામાં આવતા સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આ ઉપરાંત, બ્રહ્મ સમાજમાં પણ માત્ર એક જ ટિકિટ મળવાને કારણે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે પક્ષે જ્ઞાતિવાદી સમીકરણો સાધવામાં અમુક વર્ગોને સાવ તરછોડી દીધા છે. વોર્ડ નંબર 5માં મડાગાંઠ અને જૂના કાર્યકરોનો બળવો સૌથી વધુ વિવાદ વોર્ડ નંબર પાંચમાં જોવા મળી રહ્યો છે, જ્યાં ચાર બેઠકો સામે પક્ષે માત્ર ત્રણ ઉમેદવારોના જ નામ જાહેર કર્યા છે. આ એક બેઠક માટે રાજકીય માધાંતાઓ અને સંગઠનના હોદ્દેદારો વચ્ચે તીવ્ર ખેંચતાણ ચાલી રહી હોવાથી મડાગાંઠ સર્જાઈ છે.

બીજી તરફ, મેન્ડેટ ન મળવાને કારણે વર્ષોથી પક્ષ માટે કામ કરતા જૂના કાર્યકરોમાં પણ ભારે રોષ છે. અસંતુષ્ટ કાર્યકરો હવે અપક્ષ તરીકે ચૂંટણી લડવાના મૂડમાં હોવાનું જણાય છે, જે ભાજપ માટે કપરા ચઢાણ સાબિત થઈ શકે છે. આ વખતની યાદીમાં ભાજપે પ્રયોગાત્મક અભિગમ અપનાવતા 13 જેટલા નવા ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે 8 જૂના ઉમેદવારોને રિપીટ કરવામાં આવ્યા છે. નવા લોહીને તક આપવાની પક્ષની નીતિ સામે જૂના કાર્યકરોની નારાજગી હવે બળવાનું સ્વરૂપ ધારણ કરી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. આગામી દિવસોમાં જો ભાજપ આ અસંતુષ્ટોને શાંત પાડવામાં નિષ્ફળ રહેશે, તો નગરપાલિકાની સત્તા જાળવી રાખવી પક્ષ માટે પડકારજનક બની શકે છે.

### આઠ દિવસની સારવાર બાદ દમ તોડ્યો

# પેટલાદના પાસે રિક્ષા પલટી જતાં નિવૃત્ત કોર્ટ કર્મીનું મોત

**નડિયાદથી પરત ફરતી વખતે પાડગોલ પાસે અકસ્માત સર્જાયો**

(પ્રતિનિધિ) પેટલાદ તા.10

પેટલાદના પાડગોલ હાઈસ્કૂલ પાસે રિક્ષા પલટી જવાની ગમખ્વાર ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા 66 વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. મૃતક કોર્ટના નિવૃત્ત કર્મચારી હતા અને નડિયાદથી પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો.

આ બનાવની વિગત એવી છે કે, ગત 1લી એપ્રિલના રોજ રમેશભાઈ ડાહ્યાભાઈ રોહિત નડિયાદથી પરત ઘરે આવવા માટે રિક્ષામાં બેઠા હતા. જે દરમિયાન પાડગોલ પાસે રિક્ષા ચાલકે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા રિક્ષા રોડ સાઈડની ગટરમાં પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં રમેશભાઈને કમર અને પેટના ભાગે ગંભીર આંતરિક ઈજાઓ અને ફેક્ચર થયું હતું.તેમને તાત્કાલિક કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં આઠ દિવસની સારવાર બાદ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

આ મામલે મૃતકના પુત્ર હિતેશભાઈ, જેઓ વ્યવસાયે વકીલ છે, તેમની ફરિયાદના આધારે મહેળાવ પોલીસે રિક્ષા ચાલક (નંબર જીજે-23-ઝેડ-9399) વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અકસ્માતના પગલે નિવૃત્ત કર્મચારીના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

### ઉમરેઠ વિધાનસભાના 2.45 લાખથી વધુ મતદારોને ઘેરબેઠા સ્લીપ મળશે

# ઉમરેઠ વિધાનસભામાં બારકોડ 'મતદાર સ્લીપ' મતદારને અપાશે

**બીએલઓ દ્વારા 17મી સુધીમાં વિતરણ પ્રક્રિયા પૂર્ણ કરાશે**

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.10

ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ મતદાર જાગૃતિ અભિયાનના ભાગરૂપે બુથ લેવલ ઓફિસર (BLO) દ્વારા મતદારોને રૂબરૂ મળીને બારકોડવાળી માહિતી સ્લીપ પહોંચાડવાની કામગીરી પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે.



ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં નોંધાયેલા 2.45 લાખથી વધુ મતદારોને આગામી 17મી એપ્રિલ સુધીમાં તેમના ઘર આંગણે જ મતદાર સ્લીપ મળી રહે તેવું આયોજન ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. બીએલઓ દ્વારા ઘરે-ઘરે ફરીને આ બારકોડવાળી સ્લીપનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, જેથી મતદારોને તેમના મતદાન મથક અને ક્રમની વિગતો સરળતાથી મળી રહે. ઉલ્લેખનીય છે કે, આ બેઠક માટે આગામી 23મી એપ્રિલના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

મતદાન કરવા માટે કાપલી ઉપરાંત ચૂંટણી કાર્ડ રાખવા તાકીદ કરવામાં આવી છે.

### મહીસાગર ભાજપ દ્વારા ઉમેદવારોની જાહેરાત

# લુણાવાડામાં ભાજપ હવે 'ડેમેજ કંટ્રોલ'ની સ્થિતિ

**ટિકિટ ફાળવણી બાદ ક્યાંક ઉત્સાહ તો ક્યાંક નારાજગી**

(પ્રતિનિધિ) લુણાવાડા તા.10

મહીસાગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે ભાજપ હાઈકમાન્ડ દ્વારા લાંબી ખેંચતાણ અને મંથન બાદ આખરે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો માટે ઉમેદવારોના નામની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે.

ટિકિટ ફાળવણીમાં થયેલી ભારે રસાકસીને કારણે જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ખાસ કરીને લુણાવાડા તાલુકા અને જિલ્લા પંચાયતની ટિકિટો મેળવવા માટે મોટા પાયે ખેંચતાણ અને સંઘર્ષ જેવી સ્થિતિ સર્જાઈ હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. ભાજપના આંતરિક વર્તુળોમાં ટિકિટ વહેંચણી બાદ સ્પષ્ટપણે બે પક્ષો જોવા મળી રહ્યા છે. એક તરફ માનીતા ઉમેદવારોને ટિકિટ મળતા સમર્થકોમાં ભારે ઉત્સાહ છે, તો બીજી તરફ પાયાના અને જૂના કાર્યકરોની અવગણના થતા કેટલાક વિસ્તારોમાં ભારે નારાજગી અને રોષ ફાટી નીકળ્યો છે. લુણાવાડા, ખાનપુર, કડાણા, બાલાસિનોર, વીરપુર, સંતરામપુર, કોઠંબા અને ગોધર સહિતના તમામ મુખ્ય તાલુકાઓ માટે ઉમેદવારો નક્કી કરી દેવામાં આવ્યા છે. યાદી જાહેર થયા બાદ હવે પક્ષ નારાજ કાર્યકર્તાઓને મનાવવા અને 'ડેમેજ કંટ્રોલ' કરવા માટે સક્રિય બન્યું છે. આગામી દિવસોમાં આ જાહેર થયેલા ઉમેદવારો વિજય વિશ્વાસ સાથે પોતાના ફોર્મ ભરી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે.

### પતિએ પત્નીને એવું જૂઠું બહાનું બતાવ્યું હતું કે તેના પિતા બીમાર છે

# બોરસદમાં કેનેડા રિટર્ન પતિએ પત્નીને પિયર મૂકી તરછોડી દીધી

**એનઆરઆઈ યુવકે પત્નીના ઘરેણાં અને કેનેડિયન ડોલર પચાવી પાડ્યાં**

(પ્રતિનિધિ) બોરસદ તા.10

આણંદ જિલ્લામાં એનઆરઆઈ પતિ દ્વારા પત્નીને તરછોડી દેવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કેનેડામાં સ્થાયી થયેલા આણંદના ધવલ રાણાએ પત્નીને ભારત લાવીને છેતરી હોવાની વિગતો બહાર આવતા બોરસદ સીટી પોલીસમાં ગુનો નોંધાયો છે.

બોરસદમાં રહેતાં મમતાબેનના લગ્ન માર્ચ 2023માં આણંદના ધવલભાઈ રાજેશભાઈ રાણા સાથે થયા હતા. આ લગ્ન બાદ કેનેડા ગયેલી પરણિતાને ત્યાં પણ સાસરિયાઓના ચઢાવવાને કારણે પતિ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

આ અંગે મમતાબહેને આક્ષેપ કર્યો છે કે, તેનો પતિ ધવલ રાણા તેના 35 તોલા સોનાના ઘરેણાં અને કેનેડામાં નોકરી કરીને કમાયેલા 15 હજાર ડોલર પણ પોતાની પાસે રાખી લીધા છે. લાલચુ સાસરિયાઓ દ્વારા કરિયાવર ઓછું લાવવા બાબતે અવારનવાર મહેણાં-ટોણા મારીને પરણિતાનું જીવવું મુશ્કેલ કરી દેવાયું હતું.

ડિસેમ્બર 2025માં પતિ ધવલે પત્નીને એવું જૂઠું બહાનું બતાવ્યું હતું કે તેના પિતા બીમાર છે. આ બહાને તે મમતાબેનને ભારત (બોરસદ) પિયરમાં મૂકી ગયો હતો. બાદમાં પતિએ તમામ સંપર્ક તોડી નાખી પત્નીને તરછોડી દીધી હતી. અંતે ન્યાય માટે પીડિતાએ બોરસદ શહેર પોલીસ મથકે પતિ ધવલ રાણા, રક્ષાબહેન રાજેશ રાણા, હિમાંશુ રાજેશ રાણા, હિનાબહેન હિમાંશુ રાણા (રહે. આણંદ) અને હિમાની હિમાંશુ રાણા (રહે. વડોદરા) સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લો એનઆરઆઈ હબ ગણાય છે. અહીં અનેક યુવતી વિદેશની ઘેલછામાં લગ્ન કરતી હોય છે. પરંતુ તેમાં તેમને ભારોભાર છેતરપિંડી થતી હોય છે. આ અંગે નિષ્ણાંતોએ અનેક વખત ચેતવણી પણ આપી છે.

# આણંદ જિલ્લા પંચાયતમાં 'નો રિપિટ' થીયરીથી ગણગણાટ ઉભો થયો

**મનપા, તારાપુર પાલિકા અને ઓબીસી અનામતથી સમીકરણ બદલાયાં**

(પ્રતિનિધિ) આણંદ તા.10

આણંદ જિલ્લા પંચાયતમાં ભાજપ દ્વારા શુક્રવારની મોડી સાંજે નામો જાહેર કરવામાં આવ્યાં હતાં. આ નામોની યાદી જોઈ ખૂદ ભાજપના જ સિનિયર નેતાઓ ચોંકી ગયાં હતાં. નો રિપિટ થિયરીમાં અનેક માંધાતાઓના નામ કપાઈ ગયાં છે. કેટલાક સ્થળે રિપિટ થઈ શકે તેમ હોવા છતાં કોઈ સંજોગોમાં રિપિટ થયાં નથી. આ ઉપરાંત ઓબીસી અનામતના કારણે પણ કેટલાકને પડતા મુકવામાં આવ્યાં છે.

તેવી જ રીતે આણંદ મનપા અને તારાપુર પાલિકા બનતાં તેમાં સમાવેલા ગામડાંના કારણે પણ કેટલાકના સમીકરણ બદલાઈ ગયાં છે. આણંદ જિલ્લા પંચાયતની ચૂંટણી ભારે રસાકસી ભરી રહે તેવા એંધાણ અત્યારથી જ દેખાયાં છે. જિલ્લા ભાજપ દ્વારા જે નામો જાહેર કરવામાં આવ્યાં છે. તેમાં ગણગણાટ ઉભો થયો છે. એટલે કે સુધી કે કેટલાક તો આ ચૂંટણીમાં જંગી બહુમતીથી જીતીને ધારાસભ્યની દાવેદારી કરવાની વેતરણમાં હતાં. પરંતુ અહીંથી જ તેમનું પત્તુ કપાઈ ગયું છે. વટાદરા, બોચાસણ, દહેવાણ, જંત્રાલ બેઠકના ઉમેદવારોને લઈ ભારે ઉહાપોહ થાય તેવી શક્યતા જોવા મળી રહી છે.

**આણંદ જિલ્લા પંચાયતમાં ભાજપના ઉમેદવારો**

અશોકકુમાર જશવંતસિંહ મહિડા (અલારસા), દિનેશ રણછોડભાઈ પઢીયાર (આસોદર), જ્યોત્સનાબહેન નગીનભાઈ સોલંકી (બામણગામ), સુરેશ રમેશભાઇ સોલંકી (બાંધણી), ભાર્ગવીબહેન નિલેશભાઈ પટેલ (ભાદરણ), કેતનકુમાર પરસોત્તમભાઈ પટેલ (ભાલેજ), નયનાબહેન શાંતિભાઈ ઠાકોર (બોચાસણ), સપનાબહેન યોગેશકુમાર પરમાર (ચિખોદરા), કિંજલબહેન ધર્મેન્દ્રકુમાર રાઠોડ (ડભોઉ), શાંતાબહેન જયેન્દ્રસિંહ પરમાર (દહેવાણ), રોનકભાઇ પ્રકાશભાઈ ગોહેલ (દાવોલ), જગદીશભાઈ જયંતિભાઈ વણકર (ધર્મજ), વજુબહેન વિક્રમભાઈ ગોહેલ (ગોલાણા), દેવેન્દ્રભાઈ કાશીભાઈ વસાવા (હાડગુડ), સરોજબહેન વિનુભાઈ પરમાર (કહાનવાડી), જીલુભા પરબતસિંહ સિંધા (કલમસર), મેહુલકુમાર કનુભાઈ પરમાર (કંકાપુરા), રણછોડભાઈ મણીભાઈ પરમાર (કાસોર), દક્ષાબહેન કિરણભાઈ સોલંકી (કઠાણા), સુનીલભાઇ વિનોદભાઈ સોલંકી (ખંભોળજ), સંગતીબહેન મહેશકુમાર વાઘેલા (મહેળાવ), રમીલાબહેન જયેશભાઈ પરમાર (મોરજ), ચંદ્રિકાબહેન બિપીનભાઈ પટેલ (નગરા), સાજીદખાન છત્રસિંહ રાણા (નાપા તળપદ), ઠાકોરભાઈ અમરસિંહ પરમાર (નાપાડ વાંટા), પ્રદીપભાઈ જયંતિભાઈ પટેલ (પાળજ), મંગુબહેન જગદીશભાઈ સોલંકી (પંડોળી), હંસાબહેન અરવિંદભાઈ વાઘેલા (સામરખા), મયુરીબહેન નીકીતભાઈ પટેલ (સારસા), નિમીષાબહેન અરવિંદભાઈ મકવાણા (શક્કરપુર), મિતુલકુમાર રણછોડભાઈ પરમાર (શીલી), શીતલબહેન દીપકભાઈ પટેલ (સિંહોલ), રમિલાબહેન લાલાભાઈ ચૌહાણ (સુરેલી), મનિષભાઈ નટુભાઈ પટેલ (ઉંદેલ), મહેન્દ્રભાઈ જશભાઈ વાઘેલા (વલાસણ), રીનાબહેન ભુપેન્દ્રસિંહ ચૌહાણ (વણસોલ), સંજયકુમાર દીપસંગભાઈ મકવાણા (વરસડા), હિતેશભાઈ મહેન્દ્રસિંહ પરમાર (વાસદ), કનુભાઈ ગોરધનભાઈ પુનડિયા (વટાદરા).


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225